
# Surat Municipal Corporation

## e-Magazine

Issue 50
May 5, 2006

### સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૪–૨૦૦૬ના રોજ યોજાયેલ હેરિટેજ વોક

ગુજરાત રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે સને ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૦૬ ના રોજ સવારે ૭.૩૦ કલાકે "હેરીટેજ વોક " નું આયોજન કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

### ઉધના ઝોન ખાતે તા. ૨૮–૪–૨૦૦૬ના રોજ ઘાના પ્રતિનિધિ મંડળ સમક્ષ રજૂ થયેલ પ્રેઝન્ટેશન



સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ અને નાણાંકીય સંચાલનના અભ્યાસ અર્થે તેમજ તેની સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે સુરતની મુલકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું એક પ્રતિનિધિ મંડળ તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન શહેરની મુલાકાતે આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>




### સુરત મહાનગરપાલિકા ધ્વારા વામ્બે આવાસો યોજનાનો ડ્રો

કેન્દ્ર સરકાર પુરસ્કૃત ગરીબીરેખા હેઠળ આવતાં કુટુંબો માટેની વાલ્મિકી આંબેડકર આવાસ યોજના (વામ્બે) અંર્તગત સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને આજદીન સુધી કુલ ૩૭૦૦ વામ્બે આવાસો બાંધવાનો લક્ષ્યાંક ફાળવેલ, જેની સામે સુરત મહાનગરપાલિકાએ ૪૪૦ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. ૧૭૮૦ જેટલા વામ્બે આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જયારે ૯૯૧ જેટલા વામ્બે આવાસો આયોજન હેઠળ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના પ્રતિનિધિ મંડળનું ડે. મેયરશ્રીની અધ્યક્ષતામાં રાખવામાં આવેલ પ્રેઝન્ટેશન



સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના પ્રતિનિધિ મંડળે તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકાના જુદા જુદા પ્રકલ્પો, શહેર ની ચેમ્બર ઓફ કોમર્સ, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ વગેરે સંસ્થાઓની મુલાકાત બાદ વ્યારા તેમજ બારડોલી નગરપાલિકાની મુલાકાત લઈ તા.૨૯–૦૪–૨૦૦૬નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં ડે. મેયરશ્રીની અધ્યક્ષતામાં પ્રેઝન્ટેશન તેમજ મીટીંગ રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>




### તા.૨૯–૦૪–૦૬ નાં રોજ અઠવા ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા તા.૨૯–૦૪–૦૬ નાં રોજ અઠવા ઝોન ઓફિસ ખાતે યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (સ્પે.) પ્રદિપસિંહ ઝાલા, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજુ દેસાઈ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ એમ. દેસાઈ તથા અન્ય મહાનુભાવો અને અધિકારીશ્રીઓ તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રજાજનો નજરે પડે છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૪–૨૦૦૬ના રોજ યોજાયેલ હેરિટેજ વોક

ગુજરાત રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે સને ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંર્તગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૦૬ ના રોજ સવારે ૭.૩૦ કલાકે ''હેરીટેજ વોક '' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પદયાત્રાનો આરંભ બ્રિટીશ સીમેટ્રી, કતારગામ દરવાજા ખાતેથી ડે.મેયર શ્રીમતી ડો. સુષ્માબેન અગ્રવાલે કરાવ્યો હતો. આ હેરિટેજ વોકમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, વિરોધપક્ષના નેતા શ્રી યોગેશભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મ્યુનિ.કમિશનર શ્રી પંકજભાઈ જોષી, ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે.એમ. પટેલ, ડે.કમિશનર શ્રી પી. જે. ઝાલા, ડે.કમિશનર શ્રી કે.સી. મહેતા, ડે.કમિશનરશ્રી સી. જે. ગામીત, આસી. કમિશનર શ્રી સી.વાય. ભટ્ટ, તથા ઘાના થી આવેલા મહાનુભાવો સેમ્યુલ અર્લ્બટો ટેકી, કીઝીટો બેલાન્સ, ઈબેન્ઝર ઈસાવા,કોફી એમ્પો, કાસાપ્રીકો બસાયીન, નાના બોન્કી, પીટર સેવાજ(લંડન), સ્ટીવ બેરેટ(લંડન), માર્ક બીલીંગટન(લંડન), અનુયા કુંવર(મુંબઈ) અન્ય સમિતિના અધ્યક્ષશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અન્ય મહાનુભાવો તેમજ શહેરીજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



આ બ્રિટીશ સીમેટ્રી ૧૭ સી સદીના મધ્ય ભાગથી અસ્તિત્વમાં આવ્યું હતું જેમાં અંગ્રેજ અધિકારી સર જયોર્જ ઓકસેન્ડન અને ક્રીસ્ટોફર ઓકસેન્ડન તથા અન્ય ઓફિસરોની કબર ઉપર પત્થરના ઉચા મિનારા તથા ગોળ ગુંબજ વાળા મકબરા બનાવવામાં આવેલ છે.

બ્રિટીશ સીમેટ્રીથી ડચ સીમેટ્રી, આર્મેનીયમ સીમેટ્રી કે જે આશરે ૧૫૭૯માં બંધાયેલ તેમાં ડચ કંપનીના ડાયરેકટર બરોન અદ્રીઆન વાન રીડ તથા આર્મેનીયમ સીમેટ્રીમાં પાદરી વોકસનની પત્નિ મરીનાની કબરો મુખ્યત્વે આવેલી છે. અહીંથી પદયાત્રા ધ્વારા ખુદાવંતખાનનો રોજો જે સુરતમાં એક માત્ર ઈન્ડો ઈરાનીયન શૈલીનું સ્થાપત્ય ધરાવતું સ્મારક છે. જેનું બાંધકામ ૧૫૪૦ થી ૧૫૫૮ દરમ્યાન થયાનું મનાય છે. આ પદયાત્રા ૧૬૯૯માં બંધાયેલ ચિંતામણી જૈન દહેરાસર પર પહોંચી કે જે ગુજરાતની કાષ્ઠ કળાનો ઉત્તમ નમૂનો છે.

ચિંતામણી જૈન દહેરાસરથી આ પદયાત્રા મુગલસરાઈ પહોંચી જેનું મુગલ બાદશાહ શાહજહાંના સમયમાં ૧૬૬૪માં બાંધકામ થયેલ અને ૧૮ મી સદીમાં તેનો ઉપયોગ અંગ્રેજોએ જેલ તરીકે કરેલ અને ૧૮૬૭ થી તેનો ઉપયોગ સુરત સુધરાઈ તરીકે કરવામાં આવેલ. મુગલસરાઈથી સી.એન.આઈ.ચર્ચ, એન્ડ્રુઝ લાયબ્રેરી, સર જે.જે.સોરાબજી ટ્રેનીંગ કોલેજ થઈ સ.વ.પટેલ મ્યુઝિયમ પર આ પદયાત્રા પહોંચી હતી.

આ પદયાત્રા ત્યારબાદ આગમ જૈન મંદિર કે જેમાં જૈનોનો પવિત્ર ધર્મગ્રંથ ''આગમ '' તામ્રપત્ર ઉપર સચવાયેલ છે. ત્યાં થઈ સુરતના મહાન સમાજ સુધારક અને વીર કવિ નર્મદના નિવાસસ્થાને પહોંચી, વીર કવિ નર્મદની તસ્વીરને વંદના કરી હતી. સુરત મહાનગરપાલિકા ધ્વારા આ હેરીટેજ વોકમાં સૌ પ્રથમ વખત ૧૦ થી ૧૨ ગાઈડ તૈયાર કરવામાં આવેલા હતા. જેઓએ આ હેરિટેજ વોકમાં આવતા ઐતિહાસિક સ્મારકોની માહિતીનું રસપાન યાત્રીકોને પૂરું પાડયું હતું. આ પદયાત્રામાં ૨૦૦ યાત્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં '' જય જય ગરવી ગુજરાત દીપે અરૂણપ્રભાત '' ના નારા સાથે આ પદયાત્રા સંપન્ન કરવામાં આવી હતી.



TOP

## ઉધના ઝોન ખાતે તા. ૨૮–૪–૨૦૦૬ના રોજ ઘાના પ્રતિનિધિ મંડળ સમક્ષ રજૂ થયેલ પ્રેઝન્ટેશન

સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ અને નાણાંકીય સંચાલનના અભ્યાસ અર્થે તેમજ તેની સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે સુરતની મુલકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું એક પ્રતિનિધિ મંડળ તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન શહેરની મુલાકાતે આવેલ છે.

તા.૨૭–૦૪–૨૦૦૬નાં રોજ બારડોલી અને વ્યારાની મુલાકાત બાદ આજ રોજ સવારે મહાનગરપાલિકા ધ્વારા આયોજીત હેરીટેજ વોકમાં ભાગ લીધો હતો. જે બ્રીટીશ સીમેટ્રી ખાતેથી શરૂ થઈ કવિ નર્મદનું સરવિતી મંદિર, આમલીરાન, ગોપીપુરા ખાતે સંપન્ન થયેલ જેમાં મા. ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, કમિશનરશ્રી પંકજ જોષી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી અસ્મિતાબેન શીરોયા, અન્ય પદાધિકારીઓ, અધિકારીશ્રીઓ સહભાગી થયેલ.



ઉધના ઝોન ખાતે નાગરિક સુવિધા કેન્દ્રની મુલાકાત બાદ ઉધના ઝોન ખાતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે. એમ. પટેલે સુરત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ ડેવલપમેન્ટ અંતર્ગત ટી. પી. સ્કીમ અમલીકરણ, ટી. પી. સ્કીમમાં કરવામાં આવનાર કામગીરી, તેમજ કેપીટલ અને રેવન્યુ આવક, ઈમ્પેકટ ફી, હોર્ડીંગ પરમીશન, તેની આવક, જમીન સંપાદન, તેનો ઉપયોગ, બિલ્ડીંગ પરમીશન, રેગ્યુલેશન પ્લાનની નકલ અને તેનું કોમ્પ્યુટરાઈઝેશન સહિતના વિવિધ પાસાઓને આવરી લેતા મુદ્દા ઉપર છણાવટ કરી હતી. તેમજ ઉધના ઝોન "એટ એ ગ્લાન્સ"નું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. જેમાં ઝોનનું વહીવટી તંત્ર, વિસ્તાર, વસ્તી, ખાતા અને તેના કેન્દ્રીત–વિકેન્દ્રીત કાર્યો વિશે રજૂઆત કરેલ હતી. તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત થઈ રહેલ ગૌરવપથ જેવા પ્રકલ્પોનો ચિતાર પણ રજુ કર્યો હતો. પ્રતિનિધિ મંડળ ધ્વારા ઝોન મારફત રજુ કરવામાં આવેલ માહિતિ તથા પ્રેઝન્ટેશનની સરાહના કરેલ. પ્રતિનિધિ મંડળે પ્રેઝન્ટેશનના અનુસંધાને વિચારોના આદાન–પ્રદાનમાં સુરત માટે સામુહિક પરિવહનની વ્યવસ્થા પરત્વે ભાર મૂકવા યોગ્ય હોવાનું સૂચન કરેલ.

બપોર બાદ સુરત શહેરમાં પાંડેસરા ખાતે આવેલ ટેક્ષટાઈલ ડાઈંગ પ્રોસેસીંગ યુનીટ તેમજ જરી–કસબ ભરતકામ ઉદ્યોગની મુલાકાત લીધી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વામ્બે આવાસો યોજનાનો ડ્રો

કેન્દ્ર સરકાર પુરસ્કૃત ગરીબીરેખા હેઠળ આવતાં કુટુંબો માટેની વાલ્મિકી આંબેડકર આવાસ યોજના (વામ્બે) અંતર્ગત સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને આજદીન સુધી કુલ ૩૭૦૦ વામ્બે આવાસો બાંધવાનો લક્ષ્યાંક ફાળવેલ, જેની સામે સુરત મહાનગરપાલિકાએ ૪૪૦ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. ૧૭૮૦ જેટલા વામ્બે આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જયારે ૯૯૧ જેટલા વામ્બે આવાસો આયોજન હેઠળ છે.

ટી.પી.સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ) ફા.પ્લોટ નં. ૧૪૨ પૈકી અને ટી.પી.સ્કીમ નં. ૨૩ (રાંદેર), ફા. પ્લોટ નં. ૨૮ ખાતે પૂર્ણ થયેલ વામ્બે આવાસો માટે ગરીબી રેખા હેઠળ આવતા અરજદારો પાસે અરજીઓ મંગાવવામાં આવેલ હતી. ઉપરોકત બંને ફા.પ્લોટમાં કુલ ૧૨૫ જેટલી માન્ય અરજીઓ રહી હતી.




ઉપલબ્ધ આવાસો કરતાં અરજીઓની સંખ્યા ઓછી હોવાની ફકત આવાસ ક્રમાંક માટે મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના પ્રમુખ સ્થાને જાહેર ડ્રો અજીજ મોહંમદ હોલ, કોઝવે રોડ, ગોરાટ ખાતે રાખવામાં આવેલ હતો. ઉકત ડ્રો ની કાર્યવાહીમાં સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન શ્રી ભીખુભાઈ ગામીત સહિત અન્ય કમિટીના ચેરમેનશ્રીઓ અને મ્યુનિસિપલ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ડ્રો નાં નિરીક્ષક તરીકે કાર્યપાલ ઈજનેરશ્રી ડી. એમ. જરીવાલા હાજર રહયા હતા. એડી. સીટી ઈજનેરશ્રી વી. ડી. પટેલ અને આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટે માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. કાર્યક્રમનું સંચાલન યુ.સી.ડી. ના શ્રી નરેશ વ્યાસે સંભાળ્યું હતું. ઉપરોકત જાહેર ડ્રો માં સફળ થનાર લાભાર્થીઓની યાદી રાંદેર ઝોન કચેરી, સીટી સિવીક સેન્ટર તેમજ અડાજણ વોર્ડ ઓફિસ ખાતે દિન–૨માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

TOP

## સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના ૧૦ સભ્યોનાં એક પ્રતિનિધિ મંડળે ડે. મેયરશ્રીની અધ્યક્ષતામાં રાખવામાં આવેલ પ્રેઝન્ટેશન

સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ, નાણાંકીય સંચાલનના અભ્યાસ તેમજ આવકના સ્ત્રોત ઉભા કરવાના અભ્યાસઅર્થે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે સુરતની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના ૧૦ સભ્યોનાં એક પ્રતિનિધિ મંડળે તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકાના જુદા જુદા પ્રકલ્પો, શહેર ની ચેમ્બર ઓફ કોમર્સ, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ વગેરે સંસ્થાઓની મુલાકાત બાદ વ્યારા તેમજ બારડોલી નગરપાલિકાની મુલાકાત લઈ તા.૨૯–૦૪–૨૦૦૬નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં ડે. મેયરશ્રીની અધ્યક્ષતામાં પ્રેઝન્ટેશન તેમજ મીટીંગ રાખવામાં આવેલ.

મીટીંગમાં ઉપસ્થિત પ્રતિનિધિ મંડળનું સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓએ પુષ્પગુચ્છ તેમજ મોમેન્ટો આપી સ્વાગત કરેલ. પ્રત્યુતરમાં આફ્રિકના વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રકટ એસેમ્બલી, ઘાના ના મેયરશ્રી સેમ્યુલ આલર્બટો તેમજ એલ. બી. એચ. એફ. લંડન, યુ. કે.ના આસી. ચીફ એકઝીકયુટીવ (પોલીસી અને પાર્ટનરશીપ) શ્રી પીટર સવાજેએ ડે.મેયરશ્રીને મોમેન્ટો અર્પણ કરેલ હતું.



ત્યાર બાદ સુરત પાલિકાની સ્થાપના સને ૧૮૫૨થી આજદિન સુધી થયેલ વિકાસની આછી રૂપરેખા, સુરત મહાનગરપાલિકાને સરાહનીયક કામગીરી બદલ વખતો વખત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એવોર્ડો તેમજ મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી કામગીરીનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.

આફ્રિકના વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રકટ એસેમ્બલી, ઘાના ના મેયરશ્રી સેમ્યુલ આલર્બટો તેમજ એલ. બી. એચ. એફ. લંડન, યુ. કે.ના આસી. ચીફ એકઝીકયુટીવ (પોલીસી અને પાર્ટનરશીપ)શ્રી પીટર સવાજે કરેલ સન્માનના પ્રત્યુત્તર રૂપે ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ સૌથી જુની મહાનગરપાલિકા છે. સુરત શહેર સીલ્ક અને ડાયમંડ સીટી તરીકે ઓળખાય છે. સુરત મહાનગરપાલિકા આ ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે જરૂરી તમામ માળખાકીય સુવિધા પૂરી પાડી તેના વિકાસમાં આવતા અવરોધો દૂર કરવાના પ્રયત્નો કરે છે. વધુમાં શ્રી પીટરે વ્યકત કરેલ ઓછી મહિલા રોજગારીના મુદ્દા પરત્વે તેમણે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકામાં નિમપણૂંકો અને ભરતી પ્રક્રિયા વૌધાનિક પ્રક્રિયા ઠરાવોની રીતે અને ગુણવત્તાના ધોરણે કરવામાં આવે છે. અને જે મહિલાઓ આ પ્રક્રિયા હેઠળ ઉર્ત્તિણ થાય છે તેમની નિમણૂંકો કરવામાં આવે જ છે. તેમ છતાં મહિલા જાગૃતિ પરત્વે તેઓશ્રીએ વધુ સક્રિય પ્રયત્નો કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. પ્રતિનિધિ મંડળે સુરત શહેરના જુદા જુદા પ્રોજેકટોની મુલાકાત લઈ તેનો અભ્યાસ કરી તે મુજબ ઘાનાના વિકાસમાં પણ આ મુલાકાતનો પડધો પાડશે તેવી આશા વ્યકત કરી ઘાનાના મેયર ધ્વારા તેમના ''ગોલ્ડન જયુબીલી'' વર્ષ ની ઉજવણીમાં અમોને આપેલ નિમંત્રણ માટે આભાર વ્યકત કરેલ.

કમિશનરશ્રીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે કોમનવેલ્થ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ ફાયનાન્સ (સીએલજીએફ) પ્રોજેકટ અન્વયે '' ગુડ પ્રેકટીસ સ્કીમ'' હેઠળ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સાથે મળીને તેમનો અનુભવ કામે લગાડીને સતત વિકાસ કરવા માટે પ્રવૃત્તિ કરે છે. તે માટે સી.એલ.જી.એફ. સંસ્થાએ સાઉથ આફ્રિકાના ઘાના, ભારત અને જમૈકામાં સી.એલ.જી.એફે ઘણાં પ્રોજેકટો પાસ કરેલ છે. સુરતના અગાઉના પ્રોજેકટો ટુ વે પ્રોજેકટ હતા. હવે થ્રીવે પ્રોજેકટો હેઠળ કામગીરી થાય છે. આજ રોજ યુરોપીયન પાર્ટનર એટલે કે એલ. બી. એચ. એફ. લંડનનું પ્રતિનિધિ મંડળ, આફ્રિકના વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રકટ એસેમ્બલી, ઘાનાનું પ્રતિનિધિ મંડળ તથા ભારતની સુરત મહાનગરપાલિકા એમ સી.એલ.જી.એફ.ના ત્રણ પાર્ટનરો વિકાસકૂચ કરવા ભેગા મળ્યા છે. જાન્યુઆરી–૦૬ના અંતમાં સુરત

મહાનગરપાલિકાના ડેલીગેશને લંડન અને ઘાનાની મુલાકાત લીધી હતી. આ ત્રણે પાર્ટનરોએ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી તેથી અરસ પરસના સંબધો વધુ મજબુત બનશે તેવી આશા વ્યકત કરી હતી. સુરતની મુલાકાત માટે ચાર દિવસએ ખૂબ જ ટુંકો ગાળો છે જે સુરત મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની કાર્યવાહી નિહાળવા માટે અપૂરતો છે. તેમ છતાં આ પ્રતિનિધિ મંડળને મહત્તમ પ્રોજેકટો વિશે માહિતી આપી સ્થળની મુલાકાત કરાવેલ છે. ભારત દેશમાં ફરવાના ઘણાં સ્થળો છે. તેથી પ્રવાસન વર્ષ નિમિત્તે ફરી વાર સુરત માટે વધુ સમય ફાળવી મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. વિચાર વિમર્શના આદાન પ્રદાન થી ત્રણે દેશોની મિત્રતા મજબૂત થશે. ત્રણેને એક બીજાની સાંસ્કૃતિક, ભૌગોલીક પરિસ્થિતિ, માળખાગત સુવિધા અને શાસન પ્રણાલીનો વધુ સઘન અભ્યાસ કરવાની તક સાંપડશે. સાથે સાથે સુરત મહાનગરપાલિકા પણ લંડન જેવા વર્લ્ડ કલાસ સીટીની બેસ્ટ પ્રેકટીસમાંથી પણ પ્રેરણા લેશે અને વન પર્યાવરણ અને કુદરતી સંપદાથી ભરપૂર એવા ઘાનાના પર્યાવરણ પ્રેમમાંથી પણ પ્રેરણા મેળવશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

આફ્રિકાના વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રિકટ એસેમ્બલી, ઘાના ના મેયરશ્રી સેમ્યુલ આલર્બટોએ જણાવ્યું હતું કે વિકાસની કામગીરી માટે રેવન્યુ મોબીલાઈઝેશન ફાનાન્સિયલ મેનેજમેન્ટ અંગર્તત પ્રોજેકટોને સપોર્ટની જરૂરીયાત રહે છે તે માટે સી.એલ.જી.એફ.એ આ ત્રણ સંસ્થાઓની પસંદગી કરે તે આનંદની વાત છે. હેરીટેજ વોક અંગે તેમણે જણાવ્યું હતું કે ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતો એ દેશની સંસ્કૃતિનું પ્રતિક છે. ઘાનામાં પણ આ પ્રકારનું આયોજન કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સુરત શહેર અને ઘાનાની પરિસ્થિતી કેટલીક બાબતોમાં સામ્યતા ધરાવે છે. ઘાના દેશમાં હીરાની ખાણો આવેલી છે. આ હીરાઓને પોલીસીંગ, કટીંગ કરીને આખરી ઓપ આપવાનું કામ સુરત શહેરમાં થાય છે તથા તેનું માર્કેટ લંડન છે. આમ ઘાના, લંડન અને સુરત હિરા ઉદ્યોગ સાથે પણ સંકળાયેલ છે. ઘાના જંગલ ઉત્પાદિત અને કુદરતી રીતે સર્જીત વન્ય ઉત્પાદનની આવક પર નિર્ભર છે. જયારે સુરત ટેક્ષટાઈલ અને ડાયમંડ જરીની આવક પર નિર્ભર છે. આમ બંન્ને દેશો ઔદ્યોગીકીકરણ સાથે તેટલે અંશે સંકળાયેલા હોવાથી આ મિત્રતાના માધ્યમથી પરસ્પર બંન્નેને એકબીજામાંથી પ્રેરણા લઈ પરસ્પરના વિકાસને વધુ તકો સાંપડશે. સુરત શહેર એ મેટ્રોસીટી બનવા તરફ પ્રયાણ કરી રહેલ છે. તે માટે આંનદની લાગણી વ્યકત કરી હતી. આફ્રિકના વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રિકટ એસેમ્બલી, ઘાનામાં ''ગોલ્ડન જયુબિલી યર'' ની ઉજવણીમાં ભાગ લેવા માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓને આમંત્રણ આપ્યું હતું.

લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ, યુ. કે. ના શ્રી પીટર સાવજે સુરત મહાનગરપાલિકાએ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ઘણાં ક્ષેત્રોમાં પ્રગતી કરેલ છે. ઈ–ગવનર્સ અંતર્ગત સીંગલ વીન્ડો સીસ્ટમ પ્રજાજનો જન્મ મરણ પ્રમાણપત્ર, તમામ પ્રકારના વેરાની ચૂકવણી, પ્લાનની મંજૂરી, કોમ્યુનીટી હોલ બુકીંગ, મહાનગરપાલિકાના પબ્લીકેશન્સ, જેવી તમામ પ્રકારની સુવિધાઓ મળે છે તે માટે સંતોષ વ્યકત કર્યો હતો. લંડનમાં ટ્રાફીકનો કંટ્રોલ ન હતો પરિણામે પ્રદૂષણ તેમજ ટ્રાફીક અવ્યવસ્થા સર્જાતી હતી. તેથી ત્યાં માસ–રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ દાખલ કરેલ હતી. તેવી સીસ્ટમ સુરતમાં દાખલ કરવા પર ભાર મૂકયો હતો. તેમણે સુરત મહાનગરપાલિકામાં ખુલ્લા રહેલ રીઝર્વેશન હેઠળના પ્લોટાના વધુ અસરકારક ઉપયોગ પર પણ ભાર મૂકયો હતો. પરંતુ સાથે સાથે એમ પણ જણાવ્યું હતું કે જો આ ઓપન પ્લોટોમાં શોપીંગ મોલ કે કોમ્પલેક્ષ બનાવવામાં આવે તો ટ્રાફીકની સમસ્યા વધુ ગંભીર બનવાની શકયતા રહેલી હોય તે અંગે પણ પૂર્વ આયોજન કરવાની જરૂરીયાત હોવાનું લંડનના અનુભવો પરથી જણાવ્યું હતું. વધુમાં તેમણે ઔદ્યોગીક શહેર સુરતમાં તેમના નિરીક્ષણ હેઠળ આવેલ પ્રમાણમાં ઓછી જણાયેલ મહિલા રોજગારી પરત્વે હળવી ચીંતા વ્યકત કરી હતી. તેમણે સુરત શહેરની પ્રજાની તકલીફો સહન કરવાની સહનશિલતા અને સહકારની ભાવનાને બિરદાવી હતી. સુરત મહાનગરપાલિકાએ તૈયાર કરેલ વિઝન–૨૦૨૦ ડોકયુમેન્ટેશનની પ્રસંશા કરી જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ વેરાઓમાં વધારો કર્યા સિવાય વિકાસના કાર્યો કરે છે તે માટે સરાહના કરી હતી. સુરત શહેર એ રાજયનું આર્થિક રાજધાની શહેર છે જે ધંધા ઉદ્યોગની મુલાકાત બાદ પ્રતિતિ થાય છે. આમ અન્ય સરખી બાબતો અંગે પણ વલ્ડ કલાસ શહેર એવા લંડન અને સુરતના અનુભવો વાગોળ્યા હતા.

પેરામાઉન્ટ ચીફ ઓફ વાસા એમન્ફી વેસ્ટ ડિસ્ટ્રકટ એસેમ્બલી, ઘાના ના શ્રી કાસા પ્રીકોકવામે બાસાયીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે ઘાનાની પ્રાકૃતિક સંપદા અને વન્ય પ્રોડકટોની તકો ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકાના આ હાઉસ મારફતે તેઓ સુરતના ઉદ્યોગ માંધાતાઓને ઘાનામાં ઔદ્યોગીક રોકાણ માટે નિમંત્રણ પાઠવેલ હતું જે બંન્ને દેશોના પારસ્પરિક, આર્થિક અને ઔદ્યોગીક વિકાસમાં વધુ એક પીછ ઉમેરશે.

સદરહુ મીટીંગમાં ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા શ્રીરાજેશષભાઈ દેસાઈ, કમિશનરશ્રી પંકજ જોષી, તથા વિભાગીય વડાશ્રીઓ હાજર રહયા હતા.

TOP

## તા.૨૯–૦૪–૦૬ નાં રોજ અઠવા ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ ''આપના ઝોનના ધ્વારે'' કાર્યક્રમ

**સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા તા.૨૯–૦૪–૦૬ નાં રોજ અઠવા ઝોન ઓફિસ ખાતે યોજાયેલ ''આપના ઝોનના ધ્વારે'' કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (સ્પે.) પ્રદિપસિંહ ઝાલા, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજુ દેસાઈ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ એમ. દેસાઈ તથા અન્ય મહાનુભાવો અને અધિકારીશ્રીઓ તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રજાજનો નજરે પડે છે.**





TOP